ક્રિ.કેસ નં.૧૪૦૦૩૮૯/૧૦

<u>આંક–૧ લગત હુકમ.:–</u>

આ કામમાં પોલીસે આરોપી/આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે અને આરોપી/આરોપીઓ એ હાજર થઈ ગુના કબુલાતની પુરસીસ આપેલી છે અને આરોપી/આરોપીઓ ને ચાર્જશીટ જણાવેલ ગુના માટે સમરી ફોર્મમાં પ્લી લેતાં આરોપી/આરોપીઓ એ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપી/આરોપીઓ તેઓ ગરીબ બાલબચ્ચાવાળા તથા કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે તેમ જણાવે છે તથા ભવિષ્યમાં આવો ગુનો ન કરવા ખાતરી આપે છે. આથી આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના માટે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લઈને નીચે મુજબ હુકમ કરું છું.

<u>હુ ક મ .</u>

આથી ક્રિ.પો.કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપી/આરોપીઓ ને ઈ.પી.કો કલમ–૨૭૯ના ગુનામાં રૂા.૫૦૦/–,તથા ઈ.પી.કો કલમ–૩૩૭ ના ગુનામાં ૨૫૦/– તથા કલમ–૩૩૮ માટે રૂા.૧૦૦૦/– તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ ના ગુનામાં રૂા.૫૦/– તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ ના ગુનામાં રૂા.૫૦૦/– મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી તમામ ગુના માટે એકત્રીતપણે કોર્ટ ઉઠતાં સુધીની કેદ તથા કુલ રૂા.૨૩૦૦/– (તેવીસો પુરા) રકમનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન–૨ ની સાદી કેદની ભોગવવી.

આરોપી/આરોપીઓ એ કુલ દંડ રૂા.૨૩૦૦/– (તેવીસો પુરા)ભરવો.

મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો અને જો વચગાળાની કસ્ટડી રૂપે પરત કરવામાં આવ્યો હોય તો તે હુકમ કાયમ રાખવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(એચ.એન. દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
(GJ 00738)

સ્થળ:–અમદાવાદ.
તા.૧૦/૦૨/૨૦૧૮

VB VALA PA